


બ્રહ્મસ્વરૂપ પ.પૂ. શાસ્ત્રીજી મહારાજે
નિર્માણ કરાવેલ બોચાસણનું
પ્રાસાદિક મંદિર
અને દરવાજો

# ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ દ્વારા બોચાસણમાં નિર્મિત
# શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના સર્વપ્રથમ મંદિરની અલૌકિક કલ્યાણકારી ગાથા

**સર્વોપરી** ભગવાન શ્રી સ્વામિનારાયણે ખૂબ ઓછા સમયમાં અધ્યાત્મક્ષેત્રે અકલ્પ્ય ક્રાંતિ આણી. પોતાની હયાતીમાં જ ૩૦૦૦ સંતો બનાવ્યા, જેમાંથી ૫૦૦ તો પરમહંસો હતા ! પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં અગણિત શાસ્ત્રો રચ્યાં-રચાવ્યાં, જે પૈકી 'શિક્ષાપત્રી' અને 'વચનામૃત' તો માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયને જ નહિ, પણ સમગ્ર વિશ્વને મળેલી અપ્રતિમ ભેટ છે ! વડતાલ અને અમદાવાદ દેશની ગાદીની સ્થાપના દ્વારા સંપ્રદાયમાં આચાર્યશ્રીની પરંપરા સ્થાપી. અમદાવાદ, ભૂજ, વડતાલ, ધોલેરા, જૂનાગઢ અને ગઢડા એમ છ તીર્થસ્થાનોમાં ગગનચુંબી શિખરબદ્ધ મંદિરોનાં નિર્માણ કરાવી તેમાં ભક્તે સહિત ભગવાનની સનાતન યુગલ ઉપાસના પ્રસ્થાપિત કરતાં યુગલ સ્વરૂપો - શ્રી નરનારાયણ દેવ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ, શ્રી મદનમોહન દેવ, શ્રી રાધારમણ દેવ, શ્રી રણછોડ-ત્રિકમ દેવ, શ્રી ગોપીનાથજી દેવ આદિ પધરાવ્યાં. શુદ્ધ ઉપાસનાને પુષ્ટિ આપે તેવાં મંદિરો, શાસ્ત્રો અને સંતો તૈયાર કર્યાં, જેનાં પરિણામે સદાચારી, ચારિત્ર્યવાન, અણીશુદ્ધ નિયમ-ધર્મ ને વર્તમાન પાળતો વિશાળ ભક્ત સમુદાય તૈયાર થયો.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત અનેક સંતો-ભક્તોને પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ મધ્યમંદિરમાં સ્થાપવાની તીવ્ર મનોભાવના હતી. પરંતુ, સામાજિક વલણને ધ્યાનમાં રાખીને શ્રી સ્વામિનારાયણ ભગવાને છયે મંદિરોમાં ભગવાનનાં વિવિધ સ્વરૂપો પધરાવ્યાં. આમ તો, ભક્તોના ભાવ ઝીલીને તેઓએ ગઢડાના મંદિર માટે પોતાના કદ જેટલી, પોતાના સ્વરૂપરૂપ મૂર્તિ નારાયણજી સુતાર પાસે જાતે ઊભા રહીને તૈયાર કરાવી હતી, પરંતુ પ્રત્યક્ષ પ્રભુના ચરિત્રમાં મનુષ્યભાવ પામી મનુષ્ય અજાણ્યે દ્રોહ કરી બેસશે; તેમ સમજી પછીથી તે મૂર્તિને પગે આંટી મરાવડાવી, હાથમાં મોરલી પધરાવી શ્રી ગોપીનાથજી સ્વરૂપે તૈયાર કરાવી મંદિરમાં પધરાવી.

પરંતુ, જે કાર્ય પૂર્વે પ્રગટ થયેલાં ભગવાનનાં સ્વરૂપોના સમયમાં શક્ય નહોતું થયું, તે ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં શક્ય બન્યું. શ્રીજી મહારાજે સ્વયં સદાય સાધુરૂપે અખંડ પ્રગટ રહેવાના વર આપ્યા. વળી, તેવા સાધુ - અનાદિ અક્ષરમૂર્તિ સદગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ પણ કરાવી. પ્રસંગે-પ્રસંગે તેઓએ ગુણાતીતાનંદ સ્વામીને પોતાને રહેવાનું અક્ષરબ્રહ્મધામ ગણાવી બ્રહ્મ અને પરબ્રહ્મની એટલે કે, શ્રી અક્ષર અને પુરુષોત્તમ અર્થાત્ સ્વામી અને નારાયણ, આત્મા અને પરમાત્માના અલૌકિક જ્ઞાનની ઉપાસના સ્પષ્ટ કરી આપી. આ ભક્તે સહિત ભગવાનની ઉપાસના શ્રીજી મહારાજનાં અનેક લીલા-ચરિત્રોમાં, વચનામૃતમાં શબ્દે-શબ્દે અને અસંખ્ય પ્રસંગોએ વ્યક્ત થઈ. તેથી સાધુ દ્વારે પ્રભુ પ્રગટ છે અને પ્રભુનું અલૌકિક કલ્યાણકારી કાર્ય અવિરત ચાલુ છે તેની પ્રતીતિ સૌને થઈ અને પ્રભુના આવા પ્રગટીકરણથી સર્વે આશ્રિતો સનાથ બન્યા.


સંતવર્ય શ્રી વિજ્ઞાનાનંદ સ્વામીના સમાગમે સંસારત્યાગ કરવા આતુર ડુંગર ભગત

પ્રભુએ પોતાની દિવ્ય ક્રિયાઓમાં અને લીલા-ચરિત્રોમાં શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું ગૂઢ રહસ્ય છતું કર્યું ! 'બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવી.' - ઉપાસનાના આ મુખ્ય સિદ્ધાંત માટે શાસ્ત્રોમાં પણ લખાયું છે કે, બ્રહ્મવિદ્ આપ્નોતિ પરમ ! અર્થાત, જે બ્રહ્મને જાણે તે પરમને પામે ! આ સીધી લીટીના સચોટ જ્ઞાનને પચાવવા એટલે કે, પ્રભુને પામવા માટે ગુણાતીત સાધુની અનિવાર્યતા છે તેવું સ્વયં શ્રીજી મહારાજ પણ સમજાવ્યું.

આ જ્ઞાનને સમજીને મહુવાના પ્રાગજીભગત મંડ્યા તો ગોપાળાનંદ સ્વામી-ગુણાતીતાનંદ સ્વામીના સમાગમ થકી બ્રહ્મભાવને પામી ગયા. ગુણાતીત સાધુ કે, જેમના થકી પ્રભુ પ્રગટ છે તેઓમાં જોડાવાથી, મન-કર્મ-વચને તેઓની આજ્ઞા પાળવાથી, તેઓના સંબંધવાળા સૌને નિર્દોષ માની તેઓની સેવાથી પ્રભુ પ્રસન્નતા પ્રાપ્ત થતાં ગુણાતીતભાવને પામી જવાય છે. તેના માટે દેહભાવ ઓગાળવો પડે અને તે ગુણાતીત સાધુ વગર અશક્ય છે. આંબરડીના જાગા સ્વામી પણ ગુરુ ગુણાતીતના સમાગમ ને આશીર્વાદથી બ્રહ્મસ્વરૂપ અવસ્થાને પામ્યા. રાજકોટના શ્રી કૃષ્ણજી અદા પણ ગુણાતીતાનંદ સ્વામીના આવા જ અજોડ શિષ્ય અને ગુણાતીત સ્વરૂપ હતા. આ ત્રણેય સ્વરૂપોએ ભગવાનધારક સાધુની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરી તો તેઓ પણ ભગવાનને રહેવાનું ધામ બન્યા !

જો કે, એક સમય એવો પણ હતો કે, ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રગટ પ્રભુ તરીકે અને ગુણાતીતાનંદ સ્વામીનો મૂળ અક્ષરબ્રહ્મ તરીકેનો સ્વીકાર કરવો તે ઘણા માટે અઘરું હતું. અને તેથી જે મૂળ ઉપાસનાનું સ્થાપન શ્રીજી મહારાજ કરવા માંગતા હતા તેનો સ્વીકાર કરવામાં ક્ષીણતા આવતી ગઈ. જાહેરમાં ઉપાસનાના આ જ્ઞાનની વાત કરવી તે પણ અઘરું થતું ગયું ને ખાનગીમાં મુખોમુખ જ આ જ્ઞાનની વાત કરવી શક્ય બનતું; તેથી તેને 'ખૂણિયું જ્ઞાન' કહેવામાં આવતું.


ભગવાન શ્રી સ્વામિનારાયણના શુદ્ધ ઉપાસના સ્થાપનના કાર્યને ફરીથી જીવંત બનાવવાનું કાર્ય ભગતજી મહારાજ, કૃષ્ણજી અદા અને જાગા સ્વામીના પ્રયત્નોથી અને આશીર્વાદથી ભગવાનધારક એવા એક સાધુ દ્વારા શક્ય બન્યું. સંવત ૧૯૨૧ની મહા સુદી પાંચમ-વસંત પંચમીના મંગલકારી દિવસે ચરોતરના મહેળાવ ગામમાં પૂ. ધોરીભાઈ અને પૂ. હેતબાના ઘરે એ સાધુ-બાળરત્નનું પ્રાગટ્ય થયું, જેમનું નામ પાડ્યું ડુંગર ભગત. શ્રીજી મહારાજના પરમહંસ શુકાનંદ સ્વામીએ તેઓને વર્તમાન ધરાવ્યા. તેઓ સવા વર્ષના હતા ત્યારે અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ તેમના શિરે હસ્તકમળ સ્થાપી આશીર્વાદ દીધા કે, 'આ બાળરત્ન સાધુ થઈ શ્રીજી મહારાજની સર્વોપરી નિષ્ઠા પ્રવર્તાવશે અને કથાવાર્તા કરી, સંપ્રદાયની વૃદ્ધિ કરશે.'

બાળપણમાં તેઓએ અનેક લીલા-ચરિત્રો કર્યાં, જે જોઈ સૌ વિસ્મય પામી જતા અને તેઓનાં ઐશ્વર્યથી સહજ જ અંજાઈ જતા. સાત વર્ષની ઉંમરે તો તેઓએ દર પૂનમે વડતાલ મંદિરનાં દર્શને જવાનું શરૂ કરી દીધું. વડતાલ મંદિરે સાધુઓનાં આસને જઈને સત્સંગની કથા-વાર્તા સાંભળતા અને જ્ઞાન-વૈરાગ્ય દૃઢ કરતા. સત્સંગના બધા ગ્રંથો અને શ્રીમદ્ ભાગવત આદિ પણ સાવ નાની ઉંમરે તેઓ ભણવા લાગ્યા. નવ વર્ષની ઉંમરે તો મંદિરમાં જ્યારે સાધુઓ ન હોય તો તેઓ જ કથા કરતા. અરે ! એક વખત મહેળાવ ગામમાં માણ વગાડી મહાભારતની કથા કરવા આવેલા માણભટ્ટની અડધી કથા ડુંગર ભગતે એ જ શૈલીમાં માણ વગાડી પૂરી કરી સૌને અચંબામાં મૂકી દીધા હતા.

ડુંગર ભગતના હૈયામાં પહેલેથી જ વૈરાગ્ય હતો, તેથી શ્રીજી મહારાજના પરમહંસ - સંત શ્રી વિજ્ઞાનાનંદ સ્વામીના સમાગમે સંસારત્યાગ કરવા તેઓ આતુર બન્યા. વિજ્ઞાનાનંદ સ્વામી સાથે પાર્ષદ તરીકે રહ્યા અને બાર માસ પણ પૂરા થયા ન હતા અને સંવત ૧૯૩૯ના કાર્તિક વદ પાંચમના શુભ દિવસે આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે મોટો યજ્ઞ કરીને ડુંગર ભગતને દીક્ષા આપી 'યજ્ઞપુરુષદાસ' એવું નામાભિધાન કર્યું. દીક્ષા ગ્રહણ કર્યા પછી તેઓએ વડતાલમાં રહી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત અદ્ભુત જીવન જીવી સેવા-ભક્તિ અદા કરી. થોડા સમય બાદ તેઓ જ્યારે સુરત પધાર્યા ત્યારે ત્યાં

તેમને ભગતજી મહારાજનાં દર્શન થયાં. ભગતજી મહારાજની કથા તેમને વડતાલમાં થતી બધી કથા કરતાં જુદી જણાઈ. ભગતજી મહારાજની અલૌકિક ગુણાતીત અવસ્થાથી યજ્ઞપુરુષદાસજીનું અંતર રંગાઈ ગયું અને મનોમન તેઓએ ભગતજી મહારાજને ગુરુ તરીકે સ્વીકારી લીધા.

યજ્ઞપુરુષદાસજીએ શાસ્ત્રોનો અભ્યાસ વિદ્વત્ત્વ આચાર્યો પાસે કર્યો. સંસ્કૃત ભણ્યા. તેમની કુશાગ્ર બુદ્ધિ અને વિદ્વત્તા જોઈ સૌ તેમને નમી પડતા. ટૂંક સમયમાં જ તેમણે વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યો અને 'શાસ્ત્રી'ની પદવી પામ્યા. અને હવે સાધુ યજ્ઞપુરુષદાસજી 'શાસ્ત્રીજી મહારાજ'ના નામે પ્રચલિત થયા. શાસ્ત્રીજી મહારાજનું ઓજસ્વી ને સાધુગુણે યુક્ત પ્રતિભાશાળી વ્યક્તિત્વ સૌને પ્રભાવિત કરતું. પ્રભુ અને ગુરુભક્તિનું અનેરું મહાત્મ્ય તેમના હૈયે ધબકતું હતું. પ્રભુના સામર્થ્યની અજબ ઝલક તેમના સ્વરૂપમાં જણાતી હતી. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ તથા શ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજ, સમગ્ર સંતગણ, કોઠારી શ્રી ગોરધનભાઈ, મોટો ભક્ત સમુદાય અને સૌ શ્રેષ્ઠીઓ શાસ્ત્રીજી મહારાજની સાધુતાથી અંજાયા હતા. પ્રભુ પ્રત્યેની તેમની અવિચળ ભક્તિ અને અડગ નિષ્ઠાની મહેક તેમજ તેમની નીડરતા, અકલ્પનીય શ્રદ્ધા અને અપ્રતિમ નિષ્ઠાથી સૌ કોઈ તેમનામાં ખેંચાયા હતા. વડતાલના બાહોશ કોઠારીશ્રી ગોરધનભાઈ તો કહેતા કે, 'વડતાલના ૨૦૦૦ સાધુઓ પૈકી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ જેવો સર્વપ્રકારે ધન-સ્ત્રીનો ત્યાગી મેં હજી સુધી દીઠો નથી'



શાસ્ત્રીજી મહારાજના સાધુગુણે યુક્ત પ્રતિભાશાળી વ્યક્તિત્વથી આકર્ષાતા ભક્તો

એક પ્રસંગે સુરતમાં ભગતજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરબ્રહ્મપણાની વાત કરતા હતા, જે વાત યજ્ઞપુરુષદાસજીએ પૂર્વે કદી પોતાના ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામી પાસે સાંભળી ન હતી. પરંતુ જ્યારે ભગતજી મહારાજે આ જ વાત તેમની હાજરીમાં તેમના ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામી પાસે કરાવી ત્યારે યજ્ઞપુરુષદાસજીને શ્રીજી મહારાજના અંતરની વાત, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની વાતની સ્પષ્ટ સમજ પ્રાપ્ત થઈ. ભગતજી મહારાજ પાસેથી આવા અલભ્ય જ્ઞાનનો સાક્ષાત્કાર પામી તેઓની રુચિ અને જાગા સ્વામીની આજ્ઞા પ્રમાણે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના આ દિવ્ય જ્ઞાનને સમગ્ર વિશ્વમાં પ્રસરાવવા માટે તેઓ સેવા-તત્પર થયા. ઉપાસનાના કાર્ય માટે તેઓને જાગા સ્વામીએ પણ આશીર્વાદ આપ્યા કે, 'તમે સંકલ્પ ન કરો તે તમારી ખોટ અને અમે પૂરા ન કરીએ તો અમારી ખોટ !' આવા આશીર્વાદ પામી શાસ્ત્રીજી મહારાજ ઉપાસના પ્રવર્તાવવા પ્રભુનું બળ લઈ કાર્યરત થયા.

શ્રીજી અને સ્વામીની જોડે મૂર્તિઓ મધ્ય મંદિરમાં પધરાવાય તે માટે શાસ્ત્રીજી મહારાજ વડતાલ મંદિરમાં રહીને પ્રયત્નો કરવા લાગ્યા. તે માટે તેમણે અનેક કષ્ટ સહ્યાં, ભીડો વેઠ્યો, અગણિત તકલીફો તેમજ દ્વેષીઓના દ્વેષ અને અપમાન સહન કર્યાં. શાસ્ત્રીજી મહારાજ સભા કરતા હોય ત્યાં દ્વેષીઓ મરચાંની ધૂણી કરે કે પાણીનાં માટલાંઓ ઢોળી દે ને તેમની સભા થવા ન દે. ભોજનમાં ઝેર આપીને કે અન્ય રીતે પણ તેઓને મારી નાખવાના પ્રયાસ થવા લાગ્યા. પરંતુ, શ્રીજી મહારાજના સત્ય સિદ્ધાંતોને વિશ્વફલક પર પ્રવર્તાવવા માટે કટિબદ્ધ થયેલા આ અલૌકિક સંતવર્યની સર્વ પ્રકારે રક્ષા સ્વયં શ્રીજી મહારાજે જ કરી !

આ સમયકાળમાં અમદાવાદ ગાદીના વારસદાર આચાર્યશ્રી કુંજવિહારીપ્રસાદજી મહારાજે સંજોગવશાત્ વઢવાણમાં ગાદી સ્થાપી અને ત્યાં મંદિર કરવા નિર્ણય કર્યો. મંદિર માટે જમીન સંપાદન અને અન્ય વ્યવસ્થાઓ માટે તેઓને ખાસ મદદની જરૂર હતી. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તાવવા માટે કટિબદ્ધ થયેલા શાસ્ત્રીજી મહારાજે તેમને મંદિરના મધ્યગૃહમાં શ્રી અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવાય તે શરતે સઘળી મદદ આપવા માટે મરજી દર્શાવી. આચાર્યશ્રીએ એ શરત સ્વીકાર્ય રાખી અને વઢવાણમાં મંદિરનું નિર્માણ થયું. પરંતુ વિરોધનો અગ્નિ ભભૂક્યો અને બધી જ સીમાઓ ઓળંગી ગયો. પરિસ્થિતિ વિપરીત થવા લાગી. આચાર્યશ્રી પણ મૂંઝાયા અને છેવટે તેઓએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ મધ્ય ખંડને બદલે બાજુના ખંડમાં પધરાવી. સમગ્ર સંપ્રદાયમાં શ્રી અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પ્રથમ વખત વઢવાણ મંદિરમાં પધરાવાઈ એટલે સૌ સ્તબ્ધ થઈ ગયા. સૌને થયું કે, શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ વડતાલ મંદિરમાં રહીને પણ જો આવાં અકલ્પ્ય કાર્ય કરી શકે છે તો તેઓ બીજું શું ના કરી શકે ?


જો કે, દ્વેષીઓના ઉપદ્રવને કારણે ઉપાસના પ્રવર્તનનું કાર્ય વડતાલમાં રહીને કરવું મુશ્કેલ હતું. સૌ પ્રેમી ભક્તો અને સ્વયં શ્રી કૃષ્ણજી અદાની ઈચ્છા હતી કે, શાસ્ત્રીજી મહારાજ વડતાલ છોડી દે અને ભગવાનનું આ કાર્ય આગળ ધપાવે. પરંતુ, પૂર્વે એક વખત પોતાના ગુરુ ભગતજી મહારાજે પોતાના રાઈ રાઈ જેવડા ટુકડા થઈ જાય તોપણ વડતાલનો દરવાજો છોડવાની ના કહી હતી, તેથી શાસ્ત્રીજી મહારાજ વડતાલમાં રહીને જ ઉપાસના પ્રવર્તનનું કાર્ય કરવા અડગ હતા. ત્યારે શ્રી કૃષ્ણજી અદાએ તે વખતની પરિસ્થિતિનો તાગ માપી લીધો હતો તેથી તેમણે પરભાવમાં આવી કહ્યું કે, "હે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી! ભગતજીએ તમને વડતાલનો દરવાજો, કહેતાં નિષ્ઠારૂપી દરવાજો છોડવાની ના કહી હતી. વળી, શ્રીજી મહારાજે પણ 'શિક્ષાપત્રી'માં દેશકાળને અનુસાર વર્તવાની આજ્ઞા કરી છે. આ તમારા ગુરુ ભગતજી જ કહે છે તેમ માની અમારી

આજ્ઞા પાળો અને વડતાલથી મહાપ્રસ્થાન આદરો!" વળી, જ્યારે શાસ્ત્રીજી મહારાજે આચાર્યશ્રી પાસે સત્સંગ પ્રવર્તન-વિચરણ અર્થે મંજૂરી આપતી ચિઠ્ઠી મંગાવી ત્યારે આચાર્યશ્રીનો પણ યોગ્ય પ્રતિભાવ ના મળ્યો. તેથી હવે તેઓ પાસે પ્રસ્થાન કરવા સિવાય અન્ય કોઈ માર્ગ બચ્યો ન હતો.

આમ જયારે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની શુદ્ધ અને સનાતન ઉપાસનાના પ્રવર્તનનો સમય આવ્યો ત્યારે સાથે આવ્યા માત્ર પાંચ સંતો સ્વામી નિરંજનદાસ, સ્વામી નારાયણ- ચરણદાસ, સ્વામી ભક્તિજીવનદાસ અને ગોવિંદ સ્વામી (મોટા) આદિ અને આંગળીના વેઢે ગણાય તેટલા હરિભક્તો. પ્રભુએ કસણી આપી તો શાસ્ત્રીજી મહારાજે પણ પ્રભુના બળે અને કૃષ્ણજી અદાની આજ્ઞાથી કમર કસી ! ભગવાનના દિવ્ય જ્ઞાનનો ડંકો મારવા તેઓ સંકલ્પબદ્ધ હતા. શ્રદ્ધાનો એવો દીવડો સૌના હૈયે પ્રગટ્યો કે જે ઓલાવ્યો ન ઓલવાયો ! નિયતિએ સમય નક્કી કર્યો અને શુદ્ધ સનાતન શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે વિક્રમ સંવત ૧૯૬૨ના કાર્તિક પૂર્ણિમાના સમૈયાના બીજા દિવસે વડતાલથી મહાભિનિષ્ક્રમણ કર્યું. આ મહાપ્રસ્થાન પહેલાં તેઓએ વડતાલ મંદિરે શ્રી હરિકૃષ્ણ મહારાજ સમક્ષ પધારી આર્દ્રભાવે પ્રાર્થના કરી કે, 'હે મહારાજ ! અમારે તો આપનું સ્થાન મૂકવું નથી, પણ આપના યથાર્થ મહિમાના પ્રવર્તન માટે અને આપના ધામ - ગુણાતીતાનંદ સ્વામીના યથાર્થ સ્વરૂપની ઓળખાણ સૌને થાય તે માટે નીકળીએ છીએ. તો હે પ્રભુ ! સદાય અમારી સાથે રહેજો અને રક્ષા કરજો.'

મંદિરના હનુમાનજીવાળા દ્વારથી શાસ્ત્રીજી મહારાજ અને સાથે પાંચ સંતો નીકળ્યા. ગોમતીજીએ પહોંચ્યા અને ત્યાં જોયું તો શાસ્ત્રીજી મહારાજના પ્રેમમાં ઝબોળાયેલા ભક્તો પોતાના આત્મપ્રાણને જવા દેવા તૈયાર ન હતા. કોઠારી ગોરધનભાઈના હૈયે પણ અસહ્ય વેદના પ્રસરી હતી. કારણકે તે સૌને ખબર હતી કે, આ માત્ર શાસ્ત્રીજી મહારાજ નથી જતા, પણ વડતાલનું હીર જાય છે !

અખંડ સુખ, શાંતિ અને આનંદ સહજ સૌના જીવનમાં સ્થપાય એટલે કે, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંત સહજ સૌના જીવનમાં વણાઈ જાય તે માટેનું આ મહાપ્રસ્થાન હતું, ભક્તોનાં કલ્યાણ માટેની શાસ્ત્રીજી મહારાજની આ મહાયાત્રા હતી. 'સત્પુરુષ મોક્ષનું દ્વાર છે' એ જ્ઞાનને સૌ પામી જાય તે માટે આ નિઃસ્વાર્થ પ્રયાણ હતું.


હે પ્રભુ ! સદાય અમારી સાથે રહેજો અને રક્ષા કરજો !

શાસ્ત્રીજી મહારાજે મહાપ્રસ્થાનની પહેલી રાત સરદાર વલ્લભભાઈ પટેલના પિતાશ્રી ઝવેરભાઈની ઇચ્છા-આમંત્રણથી કરમસદમાં વિતાવી. ત્યાં ઝવેરભાઈ અને ભક્તો સાથે ગોષ્ઠિ કરી બીજા દિવસે બોચાસણ પધાર્યા. વડતાલમાં શાસ્ત્રીજી મહારાજના હેતવાળા સંતોને ઉપાધિઓ આવવા માંડી. તેથી તેઓએ પણ શાસ્ત્રીજી મહારાજ સાથે જોડાવાનું નક્કી કર્યું.

શાસ્ત્રીજી મહારાજના આ મહાભિનિષ્ક્રમણ બાદ પણ ઉપાધિઓ શમી નહોતી. ઘણાં ગામોમાં ખોટી ચડવણીથી ગામજનો વિરોધ કરતા, જાકારો આપતા અને બંડિયા કહીને ગાળો દેતા, માર મારતા અને અપમાન પણ કરતા. પરંતુ સર્વ સંજોગોમાં ભગવાનનું કર્તાપણું સ્વીકારી શાસ્ત્રીજી મહારાજ અને સંતોએ ઉપાસનાનું કાર્ય માત્ર ઉપદેશથી નહિ, પરંતુ વર્તનથી પણ પ્રવર્તાવ્યું.

ઉપાસના પ્રવર્તન માટે વિચરણ કરવું પડે અને તેમાંય સંતોએ જોડમાં ફરવું તે શ્રીજી મહારાજનો નિયમ ! ટ્રેનની ટિકિટ ખરીદીમાં વધુ પૈસા વપરાઈ ન જાય તે માટે શાસ્ત્રીજી મહારાજે અડધિયા સાધુની જોડ કરી કે જેથી તેમની અડધી જ ટિકિટ લેવી પડે. પરંતુ તે સાધુ પણ એટલા નાના હોય કે તેમની સેવા પણ શાસ્ત્રીજી મહારાજને જ કરવી પડે. એક જગ્યાએથી બીજી જગ્યાએ સત્સંગ માટે વિચરણ કરવા ટ્રેન કે ડમણિયું વાપરે. કશું ના મળે તો ચાલતા જ નીકળી પડે. ઘણી વખત એવું પણ બને કે, દૂરના પ્રવાસોમાં પહેલેથી ટપાલ લખીને આગલા સ્ટેશને ગાડું બોલાવ્યું હોય, પણ ગાડાવાળો ભાઈ ગાડું મોકલવાનું જ ભૂલી જાય. અને તેવી પરિસ્થિતિમાં ત્રણ-ચાર ગાઉ ચાલીને પણ પહોંચવું પડે.

રાત-દિવસ, ઠંડી-ગરમી, જંગલ કે ઝૂંપડી કશું જ તેઓએ ગણકાર્યું નહિ. ભૂખ અને તરસ સાથે જીવવું તો તેઓને સહજ થઈ ગયું હતું. ભિક્ષામાં જે ચોખા મળે તેને સાફ કરેલા કેરોસીનના ડબ્બામાં રાંધી તેને જ ખીચડી ગણી અત્યંત પાતળી પાણીવાળી છાશ સાથે જાણે છપ્પનભોગ મળ્યો હોય તેવા ભાવથી શ્રી ઠાકોરજીને ધરાવી ગ્રહણ કરતા. અંધારી રાત અને તેમાં નદીનાળાં ખૂંદીને ભક્તોને ત્યાં પહોંચવામાં આખી રાત પસાર થઈ જાય ને વળી પાછું સવારે સત્સંગ સભાઓ, ગોષ્ઠિ કરવી એ વાત કાંઈ સહેલી ન હતી. પ્રભુની સામર્થી વગર આ શક્ય ન હતું. પણ તેમાંય, સંતો-ભક્તોનો ભાવ અદમ્ય

હતો. શાસ્ત્રીજી મહારાજને ઘણા મોભી, નિષ્ઠાવાન ભક્તોએ સાથ આપ્યો.

શાસ્ત્રીજી મહારાજ શ્રી અક્ષરપુરુષોત્તમ યુગલ સ્વરૂપની તત્ત્વે સહિત નિષ્ઠાની અપૂર્વ વાતો કરતા. ભગવાન સદાકાળ સાધુરૂપે પ્રગટ છે અને એવા સાધુ એટલે ગુણાતીતાનંદ સ્વામી. ત્યારબાદ ભગતજી મહારાજ ! આવી વાતો સચોટ દૃષ્ટાંતો સાથે તેઓ કરતા જેથી સૌને ગેડ બેસતી. વળી, કોઈ દિવસ વડતાલ માટે પોતે વાંકું તો ન જ બોલે, અને કોઈ બોલે તો તેને ચલાવી પણ ન લે. સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ છે અને તે આ પૃથ્વી ઉપર સદાય સાધુ દ્વારા પ્રગટ છે અને રહેશે – એવી ઉપાસનાની જડબેસલાક વાતો 'વચનામૃત' અને શાસ્ત્રોના આધારે તેઓ કરતા, જેની સૌ ભક્તો તથા સંતોના હૈયામાં દૃઢ પ્રતીતિ થતી.



બોચાસણમાં મધ્યમંદિરે બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા આરતી

જે દિવસે આ રકમ ખૂટશે ત્યારે વિચાર કરીશું એમ કહી સૌને આશીર્વાદ આપ્યા.

હવે, મંદિર ક્યાં કરવું તે પ્રશ્ન સૌને થતો હતો. આણંદમાં જ મંદિર થાય તે માટે સ્થાનિક ભક્તોનો વિશેષ ભાવ હતો. ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે, શ્રીજી મહારાજની ઇચ્છા વડતાલ, બોચાસણ અને બામણગામમાં મંદિર કરવાની હતી. આટલું કહી શ્રીજી મહારાજે બોચાસણના કાશીદાસ મોટાને પોતાના ધામ સાથે બિરાજવાનો જે વર આપ્યો હતો તે પ્રસંગની સ્મૃતિ કરાવી અને બોચાસણમાં જ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનું મંદિર કરવા પર મહોર મારી.

ત્યારબાદ આણંદથી સંતો-ભક્તો સીધા બોચાસણ પધાર્યા. અહીં ભક્તોએ બે-ત્રણ જમીન બતાવી. પરંતુ, જાણે-અજાણે સૌને દર્શન થાય તેવી જગ્યા લેવાનો શાસ્ત્રીજી મહારાજનો ભાવ હતો, તેથી હમણાં જે જગ્યાએ મંદિર છે તે જગ્યા પસંદ થઈ. તે સમયે ત્યાં કેટલાક હરિજનોનાં ઘર હતાં. તે તમામ ઘરો હરિજનોને બીજી જગ્યાએ નવાં કરી આપવાની શરતે લઈ લીધાં અને મંદિર માટે જમીન ચોખ્ખી કરી દીધી.

ભક્તોને શાસ્ત્રીજી મહારાજમાં અને તેઓ દ્વારા પ્રવર્તિત દિવ્ય જ્ઞાનમાં અપ્રતિમ શ્રદ્ધા હતી; તેથી, ભક્તોએ શાસ્ત્રીજી મહારાજને આણંદ તેડાવી સંવત ૧૯૬૨ના ફાગણ સુદી પૂનમનો સમૈયો કેશવલાલ પ્રાગજીને ત્યાં કરવાનું નક્કી કર્યું. વડતાલમાંથી નીકળ્યા બાદ આ પ્રથમ મોટો સમૈયો હતો, તેથી આ ઉત્સવ અપ્રતિમ થાય તેવી સૌની ભાવના હતી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ આણંદમાં ઉત્સવ કરે છે તે વાત વાયુવેગે કેટલાક દ્વેષીઓને ના રુચી. આ ઉત્સવ ન થાય તે માટે ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ કેશવલાલભાઈએ અને અન્ય સૌ ભક્તોએ વિરોધીઓની કોઈ વાત સાંભળી જ નહીં.

આ સમૈયામાં ૭૦૦થી ૮૦૦ ભક્તોનો સંઘ એકત્ર થયો. લીમડીથી દીવાન શ્રી ઝવેરભાઈ નાથાભાઈ, સોખડાથી ત્રિભોવનદાસ મોટા, ચાણસદથી મનસુખરામ વૈદ્ય તથા કાળીદાસ, સાધીથી આશાભાઈ પ્રભુદાસ તથા ઈશ્વરભાઈ, વીરસદથી શંકરભાઈ જોરાભાઈ અમીન, પેટલાદથી પ્રભુદાસ વકીલ, અમદાવાદના મંછારામ શેઠ આદિ ભક્તો અને કરમસદ, ધર્મજ, ભાદરણ, નાર, વસો, સોજિત્રા, નડિયાદ, અમદાવાદ, ભરૂચ આદિ ગામોના ઘણા હરિભક્તો આ પ્રસંગે પધાર્યા. સમૈયો અલૌકિક થયો.

આ સમૈયામાં ભેગા થયેલા તમામ ભક્તોએ શાસ્ત્રીજી મહારાજને જુદું મંદિર કરવા આગ્રહ કર્યો પણ વડતાલ સાથે સમાધાન થશે તે ભાવનાથી શાસ્ત્રીજી મહારાજે એવી કોઈ પ્રવૃત્તિ કરવાની ના કહી. પરંતુ, ભક્તોનો ખૂબ આગ્રહ હતો તેથી શાસ્ત્રીજી મહારાજ સંમત થયા અને મંદિર માટેનો ખરડો શરૂ કર્યો. દરેક ભક્તોનો ખૂબ ઉત્સાહ હતો તેથી કાચા કલાકમાં જ મંદિર માટે ચાલીસ હજાર રૂપિયા એકત્ર થયા. એટલે શાસ્ત્રીજી મહારાજે લખણી બંધ કરાવી અને ખરચતાં

બીજી બાજુ વિરોધીઓની પ્રવૃત્તિઓ ચાલુ જ હતી. કોઈ પણ રીતે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી અને તેમના સંતો-ભક્તોને તકલીફ આપવી તે સહજ બની ગયું હતું. તેવામાં શ્રીજી મહારાજના આશીર્વાદથી અને સમાજના પ્રતિષ્ઠિત લોકોની મદદથી ધીમે ધીમે દ્વેષીઓનો દ્વેષ ઉઘાડો થવા લાગ્યો. સૌ કોઈ શાસ્ત્રીજી મહારાજની સાધુતાથી વાકેફ થતા ગયા અને તેમનો પક્ષ લેતા ગયા. જેમણે જેમણે સાધુઓને રંજાડ્યા, સત્કર્મનો વિરોધ કર્યો, સાચા જ્ઞાનની મજાક ઉડાવી તેઓને આ દ્રોહનું ફળ તરત જ મળ્યું. જેથી સૌને પોતાની ભૂલ સમજાઈ અને શાસ્ત્રીજી મહારાજનો માર્ગ સાચો છે તે સ્થિર થયું.

ત્યાર પછી તો સોખડામાં સમૈયો થયો અને ત્રિભોવનદાસ મોટાએ સમૈયો પોતાની વિશાળ વાડીમાં યોજ્યો, જેમાં તેઓએ શાસ્ત્રીજી મહારાજની અદ્‌ભુત સેવા-પરિચર્યા કરી. સમૈયો સુંદર રહ્યો અને આશરે ૫૦૦ હરિભક્તો તેમાં પધાર્યા. આ પછી છાણીના સમૈયામાં પણ શાસ્ત્રીજી મહારાજનો પ્રભાવ નિહાળી વિરોધીઓના હાથ હેઠા પડ્યા.

શાસ્ત્રીજી મહારાજની પ્રતિભાથી સૌ આકર્ષાતા. તેઓ કોઈ પણ કાર્ય એટલી સહજતાથી પાર પાડી દેતા કે, સૌ આશ્ચર્યમાં પડી જતા. તેમની કાર્યશૈલી અને કાર્યશક્તિનાં દર્શન કરી સૌ અચંબિત થઈ જતા. સૌને તેમનામાં શ્રીજી સમા ઐશ્વર્યની સહજ જ અનુભૂતિ થતી.

બોચાસણ મંદિરની જગ્યાએ જેમનાં ઝૂંપડાંઓ હતાં તેમના માટે ઘર બની રહ્યાં હતાં અને નળિયાં જ લગાડવાનાં બાકી હતાં ને તેવામાં ધોધમાર વરસાદ પડે તેવું વાતાવરણ સર્જાયું. સૌ ગભરાયા ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે, 'ઇન્દ્ર રોકાશે અને આજની રાતમાં જ સૌ કામ થઈ જશે.' અને બન્યું પણ એવું જ ! આવાં દર્શન પામી સૌને સ્પષ્ટ થતું ગયું કે, સ્વામી દ્વારા ભગવાન પોતાનું અધૂરું કાર્ય પાર પાડી રહ્યા છે.

સોખડાના ત્રિભોવનદાસજી પ્રતિષ્ઠિત નિષ્ઠાવાન શૂરવીર ભક્તરાજ હતા. તેઓ હંમેશાં નીચી દૃષ્ટિ જ રાખતા અને વડોદરાનાં ગામોમાં, ગાયકવાડી સરકારમાં તેમનો અદ્‌ભુત પ્રભાવ હતો. તેઓએ શાસ્ત્રીજી મહારાજના કાર્યમાં શિરસાટે પક્ષ રાખી સહયોગ આપ્યો હતો. તેથી શાસ્ત્રીજી મહારાજની ઇચ્છા મુજબ બોચાસણ મંદિરનું ખાતમુહૂર્ત શ્રી ત્રિભોવનદાસજીને હસ્તે થયું ! મંદિરના કામકાજનો વહીવટ ગિરધરભાઈ મુખીને સોંપ્યો. મંદિરનું કામકાજ ઝડપથી ચાલતું હતું. ખાતમુહૂર્તથી લઈ નિર્માણકાર્યમાં હજુ પણ વિરોધીઓ વિરોધ ઊભો કરતા.

તેવામાં શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં જળઝીલણી ઉત્સવ કર્યો. બારસની રસોઈ કાશીદાસ મોટાના વંશજ હીરાભાઈ મુખીએ કરી. હીરાભાઈની ધાક માત્ર બોરસદ તાલુકામાં જ નહિ, પણ આખા ચરોતર પંથકમાં હતી. પોલીસ અમલદારો પણ હીરાભાઈનું નામ લઈ શકતા નહિ તો સામાન્ય માણસોની તો શી વિસાત ! સાધુઓ ગામમાં છે તેથી તેમને અન્ન જમાડવા હીરાભાઈએ ભાવથી રસોઈ આપી. શાસ્ત્રીજી મહારાજે સૌ સંતો-ભક્તોને જમાડ્યા પણ પોતે જમ્યા નહિ. કારણ હતું, હીરાભાઈનું જીવન ! આ વાતની જાણ હીરાભાઈને થઈ એટલે તેઓ શાસ્ત્રીજી મહારાજને મળવા આવ્યા પણ આંખમાં આંખ પરોવી શક્યા નહિ. જાણે અજાણી શક્તિએ તેમને બાંધી રાખ્યા હોય તેવું તેમને અનુભવાયું. પોતે કરેલાં પાપકર્મોનું દુઃખ હૈયામાં ઊમટવા માંડ્યું. આ ગ્લાનિ તેઓ સહન કરી શક્યા નહિ. શાસ્ત્રીજી મહારાજની દિવ્યતાનાં દર્શન-અનુભવ થતાં ઘડીકમાં જ તેઓ પરસેવે રેબઝેબ થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજે તેમનો હાથ પકડ્યો અને શુદ્ધ વર્તમાન રાખવા ઉપદેશ કર્યો. સાધુના પ્રેમાળ સ્પર્શથી અંતરમાં દિવ્યતા છવાઈ અને આખરે હીરાભાઈ સત્સંગી બન્યા. હીરાભાઈ જિતાયા તે વાત વીજળીવેગે ચારેકોર ફેલાઈ. શાસ્ત્રીજી મહારાજનાં પ્રભાવ અને સામર્થ્યને મનોમન સૌ કોઈ વંદી રહ્યા. ત્યારપછી તો હીરાભાઈને મંદિરની પ્રવૃત્તિમાં વિઘ્નો નાખવા રૂપિયા-પૈસાનાં પ્રલોભન આપ્યાં, છતાં હીરાભાઈ ડગ્યા નહિ. તેઓ તો શૂરવીરતાથી કહેતા કે, 'મારા ગામમાં મંદિર થાય છે તેમાં મારી પણ શોભા છે. માટે જો કોઈ તેમાં વિઘ્નો નાખશે તો તેની ખેર નથી !'

શાસ્ત્રીજી મહારાજે મંદિર નિર્માણની સાથે અમદાવાદ, સંજાયા, નાર આદિ સ્થાનોમાં પણ સમૈયા કરાવ્યા. ગામોગામ વિચરણ કરી ઉપાસનાની વાતો કરી. પોતાનું અલૌકિક ઐશ્વર્ય છૂપું રાખી કેવળ મહારાજ અને સ્વામીને જ આગળ રાખ્યા. નિર્માન, નિર્મોહ, નિઃસ્વાર્થ, નિર્લોભ અને નિઃસ્વાદ અવસ્થાનાં દર્શન કરી સૌ તેમનામાં જોડાતા. આમ, તેમનો સંઘ મોટો થતો ગયો.

સંવત ૧૯૬૩ના માગશર સુદ પૂનમનો સમૈયો બોચાસણમાં થયો અને ત્યાં સુધીમાં મંદિર કરવા માટે આસપાસની મોટી જગ્યા મળી ગઈ હતી. તેથી માગશર વદ પડવાના દિવસથી મંદિરના પાયા ખોદવાની શરૂઆત બોચાસણના મુખી અને મંદિરના કોઠારી ગિરધરભાઈના હસ્તે થઈ. મંદિરના કારખાનાની જવાબદારી અક્ષરપુરુષદાસજી સ્વામીને સોંપાઈ. ગામના મુખ્ય આગેવાનોએ મંદિર નિર્માણ કાર્યમાં ખૂબ મદદ કરી. સોખડાના ત્રિભોવનદાસભાઈએ તો તેમની ખેતી બંધ રાખી છ ગાડાં, છ જોડ બળદ મંદિરની સેવામાં અર્પણ કર્યાં. આસપાસનાં ગામોના ભક્તોએ પણ વિવિધ રીતે મદદ કરી. મંદિર નિર્માણમાં પોરબંદરી પત્થરો વપરાયા, જેને ઉતારવા-ચડાવવાના કાર્યમાં સૌ ભક્તો જોડાયા અને જલદીથી જ તેની ઘડાઈનું કામ પણ શરૂ થયું.

પાયા ગાળવાનું કામ ચાલતું હતું ને પાણી આવે તેટલી ઊંડાઈએ જ પુરાતની ઈંટોથી બંધાયેલો ગોળ કૂવો આવ્યો. તેની ઉગમણી દિશાએ ત્રણ ફૂટની ચોરસ ચોકડી આવી. તે ખોદતાં તેમાં દટાયેલી લક્ષ્મીના ચરુ જડ્યા. એટલે તે શાસ્ત્રીજી મહારાજને બતાવ્યા. તેને જોઈ પરભાવમાં આવી શાસ્ત્રીજી મહારાજ બોલ્યા કે, 'તે લક્ષ્મીને પાયામાં દટાયેલી જ રહેવા દો. આપણે તો મૂર્તિમાન લક્ષ્મીજીને પધરાવીશું, જે આખા બ્રહ્માંડની લક્ષ્મીને અહીં ખેંચી લાવશે અને અનેકનાં કલ્યાણ કરશે.' સૌને આશ્ચર્ય થયું કે, શાસ્ત્રીજી મહારાજને લક્ષ્મીની તાણ છે છતાં આ સામેથી પ્રાપ્ત થયેલી લક્ષ્મી સ્વીકારતા નથી ! પણ સાથે જ સૌને ભગવાનનાં કાર્યમાં જોડી, સુખિયા કરવાની, કલ્યાણ કરવાની શાસ્ત્રીજી મહારાજની ભાવનાને પણ સૌ સમજી ગયા. તેમને કેવળ શ્રીજી અને સ્વામીનો જ આશરો હતો, અન્ય કોઈનો ભાર ન હતો તે સ્પષ્ટ દર્શન સૌને આ પ્રસંગે થયું.

જોતજોતામાં તો મંદિર સંપૂર્ણ આકાર લેવા માંડ્યું. અશક્ય લાગતું કાર્ય શાસ્ત્રીજી મહારાજે પ્રભુના બળે અને કૃપાથી અત્યંત સહજતાથી શક્ય કરી દીધું. અને વૈશાખ વદ દશમનું મૂર્તિપ્રતિષ્ઠાનું મુહૂર્ત પણ નક્કી કરી દીધું. આ સમાચાર વિદ્યુતવેગે સર્વ ઠેકાણે પહોંચી ગયા. વળી, પૃથ્વી પર પ્રથમ વખત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મધ્ય મંદિરે બિરાજશે તેના આનંદથી શાસ્ત્રીજી મહારાજના સંતો અને ભક્તો ઝૂમી ઊઠ્યા. ઝવેરભાઈ, ત્રિભોવનદાસ અને હીરાભાઈ- આ ત્રણ શૂરવીર ભક્તોના શુભહસ્તે પ્રતિષ્ઠાયજ્ઞનો આરંભ થયો. યજ્ઞની આહુતિઓ સાથે મંત્રોચ્ચાર ગુંજી ઊઠ્યા. સૌએ રસોઈ, ઉતારા, સરભરા આદિ વિભાગોની સેવાઓ સંભાળી લીધી. ગુજરાત અને સૌરાષ્ટ્રથી હજારોની સંખ્યામાં ભક્તો પધાર્યા હતા. આ પ્રસંગમાં કોઈ વિઘ્ન આડું ન આવે તે માટે સ્વયંસેવકો રક્ષામાં ચારેકોર સજ્જ હતા.

યજ્ઞવિધિ બાદ પ્રતિષ્ઠાના શુભ મુહૂર્તમાં શ્રીજી મહારાજની મૂર્તિ ઉપાડી અને મધ્ય ખંડમાં યથાસ્થાને સંતો-ભક્તોએ પધરાવી. પછી જ્યારે

ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ ઊંચકવા ગયા તો તે ઊંચી જ ન થઈ. તે મૂર્તિ તો વજનમાં શ્રીજી મહારાજની મૂર્તિ કરતાં પણ હલકી હતી છતાં ઘણાએ પ્રયત્નો કર્યા પણ મૂર્તિ સહેજ પણ ન ખસી. સૌ થાક્યા, ત્યારબાદ આ વાત બધાએ શાસ્ત્રીજી મહારાજને કરી. શાસ્ત્રીજી મહારાજ કારીગરના હાથમાંથી ટાંકણું લઈને ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ સમક્ષ પધાર્યા. બે હાથ જોડી પ્રાર્થના કરી કે, 'હે સ્વામી ! આપના સારુ તો વડતાલથી નીકળ્યા છીએ. અપમાન, સંકટ અને તિરસ્કાર આપના સારુ સહન કર્યાં. તો હવે આપ દયા કરી સ્વસ્થાને બિરાજો !' એમ કહી શાસ્ત્રીજી મહારાજે મૂર્તિ નીચે ટાંકણું ભરાવ્યું અને તરત જ મૂર્તિ ઊંચી થઈ એટલે સૌએ તે મૂર્તિ યથાસ્થાને પધરાવી. ત્યારબાદ શાસ્ત્રીજી મહારાજે મૂર્તિઓની પ્રતિષ્ઠાવિધિ કરી, પ્રતિષ્ઠા આરતી અર્પણ કરી.



બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનાં દિવ્ય દર્શન

સમગ્ર બ્રહ્માંડમાં શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો દિગ્વિજય થયો. ચરોતરનો ચોક શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના જયઘોષથી ગુંજી ઊઠ્યો. ઉપાસનાના જ્ઞાન-પ્રકાશથી અજ્ઞાનરૂપી અંધકારને શાસ્ત્રીજી મહારાજે ભગાડ્યો. શ્રીજી મહારાજે કાશીદાસ મોટાને આપેલો વર સાકાર થયો. વડતાલથી મહાપ્રસ્થાન કર્યાના માત્ર છ જ મહિનામાં આ કાર્ય મહારાજની કૃપા અને મરજી અનુસાર શાસ્ત્રીજી મહારાજના પ્રૌઢ પ્રતાપે સંપન્ન થયું.

આ પ્રસંગે ગામજનોએ ગામનું ખેતર મંદિરની વ્યવસ્થા માટે ભેટ આપ્યું. વળી, ત્યાં જ નજીકમાં રામજી મંદિરના કબજામાં જે વાડી હતી તે પણ શાસ્ત્રીજી મહારાજને લેવી હતી. ગિરધરભાઈ અને ઝવેરભાઈના પ્રયાસ છતાં તે વાડી મળી નહિ, એટલે શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે, 'એ વાડી વગર કિંમતે સેવામાં આપણને મળશે.' પછીથી સંજોગો એવા સર્જાયા કે, રામજી મંદિરના જે મહંત વાડી આપવાની ના કહેતા હતા, તેમને લગ્ન કરવાનું મન થયું. જે મંદિરના મહંત માટે નિયમ વિરુદ્ધ હતું. ગામલોકોએ તેનો વિરોધ કર્યો. ગામના મોભીઓ ઝવેરભાઈ અને ગિરધરભાઈનો સાથ મેળવવા બાવાજીએ વાડીની જમીન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની સેવામાં ભેટ ધરવાની વાત કરી. આ બધું શાસ્ત્રીજી મહારાજના વચને જ થઈ શક્યું તેનો સૌને અનુભવ થયો. વળી, શાસ્ત્રીજી મહારાજે તે બાવાજીને તે વાડીની અમુક રકમ આપીને રાજી કર્યા.

મંદિરની પ્રવૃત્તિ આરંભાઈ. થાળ-આરતી, જ્ઞાન-ગોષ્ઠિ આદિ નિયમિત થવાં લાગ્યાં. વળી, સંવત ૧૯૬૪ની વસંત પંચમીએ સર્વપ્રથમ 'સત્સંગી જીવન'ની પારાયણ પણ યોજાઈ. હવે શ્રી કૃષ્ણજી અદા પણ સત્સંગીઓને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની નિષ્ઠા પાકી કરવા મુમુક્ષુઓને બોચાસણનો માર્ગ બતાવતા. થોડા સમય બાદ બોચાસણમાં મંદિર સમક્ષ દરવાજાનું કામ શરૂ કરવું હતું; પણ, દરવાજો કરવા જમીનની સંકડાશ હતી તેથી વધારાની જમીન જોઈતી હતી. શાસ્ત્રીજી મહારાજે ગિરધરભાઈ મુખી અને ઝવેરભાઈને તે અંગે વાત કરી. તે ભાગોળની જમીન હતી તેથી એક તસુ પણ મળવું મુશ્કેલ હતું. પરંતુ શાસ્ત્રીજી મહારાજનો નિર્ણય અડગ હતો એટલે ભક્તોએ ગામમાં વાત કરી. ધનજી મતાદારને સમજાવ્યા. પરંતુ, મતાદાર ન માન્યા. બીજી સવારે શાસ્ત્રીજી મહારાજ દરવાજાની જગ્યાએ ઊભા હતા ત્યાં બેચર કિસા નામના માથાભારે વ્યક્તિએ શાસ્ત્રીજી મહારાજને ગાળો ભાંડવા માંડી અને ગમેતેમ બોલવા લાગ્યો. કોઈથી તે સંભળાયું નહિ, પણ સૌએ શાંતિ રાખી બેચર કિસાને સત્કાર્યમાં જોડવા, મદદરૂપ થવા સમજાવ્યો. પછી શાસ્ત્રીજી મહારાજે ઉપદેશ કર્યો. તેઓના વચને તેનું અંતઃકરણ ફેરવાયું અને જમીન આપવા તે તૈયાર થયો.

શાસ્ત્રીજી મહારાજે પોતાના હાથમાં જે દંડો હતો તે બેચર કિસાને આપ્યો એટલે તેણે ચાર દંડા જમીન માપી આપી. ત્યારે બીજા બે દંડા શાસ્ત્રીજી મહારાજે પોતાના તરફથી વધુ મપાવી અને ત્યાં શાસ્ત્રીજી મહારાજે લાકડાની ખૂંટીઓ મરાવી. ધનજી મતાદારથી આ સહન થયું નહિ એટલે તેણે ખૂંટીઓ કાઢવાની વાત કરી. શાસ્ત્રીજી મહારાજે તેને રોક્યો અને કહ્યું કે, 'આ તો શેષનાગને માથે ખીલી છે માટે તેને કાઢશો નહિ.' પરંતુ, આવેગમાં આવી મતાદારે એક ખૂંટી કાઢીને જોયું તો તેના નીચલા ભાગમાં લોહી દેખાયું. એટલે તે ગભરાયો અને ખૂંટી પાછી મારી દીધી. વિરોધીઓ વિખરાયા અને હવે પછીથી ક્યારેય શાસ્ત્રીજી મહારાજનું અનિષ્ટ કરવામાં કે મંદિરના કાર્યમાં વિઘ્નો નાખવામાં સહભાગી નહિ બનીએ તેવું મનોમન નક્કી કર્યું. આમ, દરવાજા માટે જોઈતી જગ્યા મળી ગઈ. આ દરવાજો માત્ર બોચાસણ મંદિરનો જ નહિ, પરંતુ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના જ્ઞાનને પામવા ઝંખતા પ્રત્યેક મુમુક્ષુ માટે મોક્ષનો દ્વાર બની રહ્યો !

આમ, શાસ્ત્રીજી મહારાજની ભીડા-ભક્તિથી બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો જયઘોષ સર્વત્ર વ્યાપી ગયો. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો દિગંતે ડંકો વાગ્યો ! ◆

ડૉ. ધનંજય પટેલ